Thursday
18.12.2025
✳Volume :10 ✳ Issue No.160
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-



# પ્રધાનમંત્રીએ ઈથોપિયામાં સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું

કમલમ્,

પ્રધાનમંત્રીએ ઈથોપિયન સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું. ઈથોપિયાની તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત પર આવેલા પ્રધાનમંત્રી માટે આ એક ખાસ સન્માન હતું. પ્રધાનમંત્રીએ ભારતના લોકો વતી ઈથોપિયન સંસદસભ્યોને મિત્રતા અને સદ્ભાવનાની શુભેચ્છાઓ પાઠવીને પોતાના સંબોધનની શરૂઆત કરી. તેમણે કહ્યું કે સંસદને સંબોધન કરવું અને લોકશાહીના આ મંદિર દ્વારા, ઈથોપિયાના સામાન્ય લોકો - ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, ગૌરવશાળી મહિલાઓ અને યુવાનો - જે દેશના ભવિષ્યને આકાર આપી રહ્યા છે - સાથે વાત કરવી એ એક લહાવો છે. તેમણે ઈથોપિયાના લોકો અને સરકારનો તેમને સર્વોચ્ચ પુરસ્કાર – ગ્રેટ ઓનર નિશાન ઓફ ઈથોપિયા - એનાયત કરવા બદલ આભાર માન્યો. સંબંધોના મહત્વને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રીએ ઊંડો સંતોષ વ્યક્ત કર્યો કે આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવામાં આવ્યા છે. ભારત અને ઈથોપિયા વચ્ચેના સભ્યતાપૂર્ણ સંબંધોને યાદ કરતાં, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે બંને દેશો પ્રાચીન શાણપણને આધુનિક મહત્વાકાંક્ષા સાથે જોડે છે. આ સંદર્ભમાં તેમણે નોંધ્યું કે ભારતનું રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" અને ઈથોપિયાનું રાષ્ટ્રગીત બંને તેમની ભૂમિને માતા તરીકે સંબોધે છે. બંને દેશોના સહિયારા સંઘર્ષનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ ૧૯૪૧માં ઈથોપિયાના લોકોની સાથે તેમની સ્વતંત્રતા માટે લડનારા ભારતીય સૈનિકોના યોગદાન પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે ઈથોપિયાના લોકોના બલિદાનના પ્રતીક, એડવા વિજય સ્મારક પર શ્રદ્ધાંજલિ આપવી એ તેમના માટે સન્માનની વાત છે. પ્રધાનમંત્રીએ ભારત-ઈથોપિયા ભાગીદારીને વિસ્તૃત કરવા અને મજબૂત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ સંદર્ભમાં તેમણે ઈથોપિયાના વિકાસ અને સમૃદ્ધિમાં ભારતીય શિક્ષકો અને ભારતીય વ્યવસાયોના યોગદાનને યાદ કર્યું. તેમણે ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ, ખાદ્ય પ્રક્રિયા અને નવીનતા સહિતના ક્ષેત્રોમાં ભારતના વિકાસ અનુભવો શેર કર્યા અને તેની પ્રાથમિકતાઓ અનુસાર ઈથોપિયાને વિકાસ સહાય ચાલુ રાખવા માટે ભારતની તૈયારી વ્યક્ત કરી.ચવિશ્વ એક પરિવાર છેૃ ના સિદ્ધાંતમાં મૂળ ધરાવતા માનવતાની સેવા કરવાની ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે કોવિડ રોગચાળા દરમિયાન ઈથોપિયાને રસી પૂરી પાડવી એ ભારત માટે એક સૌભાગ્યની વાત છે.

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે ગ્લોબલ સાઉથના દેશો તરીકે ભારત અને ઈથોપિયાએ વિકાસશીલ દેશોને વધુ મોટો અવાજ આપવા માટે સાથે ઊભા રહેવું જોઈએ. આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવામાં ઈથોપિયાની એકતા બદલ તેમણે આભાર માન્યો. આફ્રિકન એકતાના સ્વપ્નને સાકાર કરવામાં આફ્રિકન યુનિયનના મુખ્ય મથક એડિસઅબાબાની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતને તેમના અધ્યક્ષતા દરમિયાન ૨૨૦ના કાયમી સભ્ય તરીકે આફ્રિકન યુનિયનનું સ્વાગત કરવાનો ગર્વ છે. તેમણે કહ્યું કે તેમની સરકારના ૧૧ વર્ષમાં ભારત-આફ્રિકા સંબંધો ઝડપથી વિકસ્યા છે, બંને બાજુના રાષ્ટ્રપ્રમુખો અને સરકારના સ્તરે ૧૦૦થી વધુ મુલાકાતો થઈ છે. તેમણે આફ્રિકાના વિકાસ પ્રત્યે ભારતની ઊંડી પ્રતિબદ્ધતા વિશે વાત કરી અને જોહાનિસબર્ગ G-20 સમિટમાં "આફ્રિકા સ્કિલ્સ મલ્ટિપ્લાયર ઈનિશિયેટિવ" શરૂ કરવાના તેમના પ્રસ્તાવ પર ભાર મૂક્યો જેથી સમગ્ર ખંડમાં ૧૦ લાખ તાલીમાર્થીઓને તાલીમ આપી શકાય. પ્રધાનમંત્રીએ સાથી લોકશાહી સાથે ભારતની સફર શેર કરવાની તક બદલ માનનીય સ્પીકરનો આભાર માન્યો અને કહ્યું કે ગ્લોબલ સાઉથ પોતાનું ભવિષ્ય લખી રહ્યું છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ ૨૦ રાજ્યો માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં સમુદાય આધારિત આપત્તિ જોખમ નિવારણની પહેલને મજબૂત બનાવવા માટેના રાષ્ટ્રીય પ્રોજેક્ટ માટે રૂ. ૫૦૭.૩૭ કરોડને મંજૂરી આપી

## મોદી સરકારે ૨૦૨૧ માં સમાજને કોઈપણ આપત્તિનો સામનો કરવા માટે સશસ્ત્ર બનાવવા માટે રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળ શરૂ કર્યું હતું, અને આજે આ પહેલને પંચાયત સ્તર સુધી વિસ્તારવામાં આવી છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી, શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિ (HLC) એ ૨૦ રાજ્યો માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં સમુદાય આધારિત આપત્તિ જોખમ નિવારણના પ્રયાસોને મજબૂત કરવાના રાષ્ટ્રીય પ્રોજેક્ટ માટે ૫૦૭. ૩૭ કરોડ મંજૂર કર્યા છે. આ પહેલ પંચાયતી રાજ મંત્રાલય અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) ના સહયોગથી કરવામાં આવી છે. મોદી સરકારે સમાજને કોઈપણ આપત્તિનો સામનો કરવા સક્ષમ બનાવવા માટે ૨૦૨૧માં રાષ્ટ્રીય આપત્તિ શમન ફંડ (National Disaster Mitigation Fund) ની શરૂઆત કરી હતી, અને આજે આ પહેલને પંચાયત સ્તર સુધી લંબાવવામાં આવી છે. મોદી સરકાર કોઈપણ આફતનો આત્મવિશ્વાસ સાથે સામનો કરવા માટે રાજ્યો/કેન્દ્રશાસિતપ્રદેશોને સશક્ત બનાવવા માટે મક્કમતાથી પ્રતિબદ્ધ છે. આ પહેલનો ઉદ્દેશ આપત્તિ વ્યવસ્થાપન માટે નીચેથી ઉપરના (bOtom-up) અભિગમ દ્વારા શાસન માળખામાં આપત્તિ જોખમ નિવારણની (DRR) પદ્ધતિઓને એકીકૃત કરવાનો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના આપત્તિ-પ્રતિરોધક ભારતના વિઝનને સાકાર કરવા માટે, ગૃહ મંત્રાલય રાજ્યો અને કેન્દ્રશાસિતપ્રદેશોને તમામ જરૂરી સહાય પૂરી પાડી રહ્યું છે. આ કાર્યક્રમ ૨૦ રાજ્યોના ૮૧ આપત્તિ-સંભવિત જિલ્લાઓને આવરી લેશે અને વધારામાં મુખ્ય જોખમો પર કેન્દ્રિત ૨૦ ગ્રામ પંચાયતો ને સ્થાનિક DRR માટે અનુકરણીય મોડેલો તરીકે વિકસાવશે. આ કાર્યક્રમ DRR માં PRI સશક્તિકરણ પહેલોમાં પંચાયતી રાજ મંત્રાલય તેમજ રાજ્યોના પ્રયાસોને પૂરક બનાવશે. મંજૂર કરાયેલા કુલ પ્રોજેક્ટ ખર્ચ ૫૦૭.૩૭ કરોડમાંથી, ૨૭૩.૩૮ કરોડ રાષ્ટ્રીય આપત્તિ શમન ફંડ (NDMF) હેઠળ કેન્દ્રનો હિસ્સો હશે, જેમાં રાજ્યો ૩૦.૩૭ કરોડનો અનુરૂપ હિસ્સો આપશે. વધુમાં, ૧૫૧.૪૭ કરોડ પંચાયતી રાજ મંત્રાલય તરફથી પૂરા પાડવામાં આવશે, જેમાં રાજ્યોનો અનુરૂપ હિસ્સો ૫૨.૧૫ કરોડ હશે. આ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ પ્રવૃત્તિઓમાં DRR વિકાસ આયોજનમાં PRIs દ્વારા સંસ્થાકીય મજબૂતીકરણ અને નીતિ એકીકરણ, IEC દ્વારા SDMAs, DDMAs અને PRI સભ્યો માટે ક્ષમતા નિર્માણ અને જાગૃતિ ઉત્પન્ન કરવી અને સ્થાનિક આપત્તિ નિવારણ માટે અસરકારક સંકલન માટે સહયોગને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. આ વધારાની સહાય રાજ્યોને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ફંડ (SDRF) માં કેન્દ્ર દ્વારા પહેલાથી જ રાજ્યોના નિકાલ પર મુક્ત કરાયેલા ભંડોળ ઉપરાંત છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન, કેન્દ્ર સરકારે SDRF હેઠળ ૨૮ રાજ્યોને ૧૬,૧૧૮.૦૦ કરોડ અને NDRF હેઠળ ૧૮ રાજ્યોને ૨૮૫૪.૧૮ કરોડ જાહેર કર્યા છે. વધુમાં, કેન્દ્ર સરકારે રાજ્ય આપત્તિ નિવારણ ફંડ (SDMF) માંથી ૨૧ રાજ્યોને ૫૨૭૩.૬૦ કરોડ અને રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ફંડ (NDMF) માંથી ૧૪ રાજ્યો માટે ૧૪૨૩.૦૬ કરોડ જાહેર કર્યા છે.



# 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ'ની કામગીરીમાં અભૂતપૂર્વ સફળતા

## ત્રણ મહિનામાં ફ્રોડ થયેલા નાણાં ફ્રીઝ કરવાની ક્ષમતામાં ૫૦ ટકા જેટલો વધારો નોંધાયોઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

- ઓપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત એક અઠવાડિયામાં રાજ્યમાં 494 FIR દાખલ કરીને ૩૪૦ જેટલા આરોપીઓની ધરપકડ
- કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે ગુજરાત સાયબર ક્રાઇમ સેલની કામગીરીને બિરદાવી



## સાયબર ફ્રોડનો શિકાર બનો તો તુરંત '૧૯૩૦' ડાયલ કરવા શ્રી જીતુભાઈ વાઘાણીની નાગરિકોને અપીલ

કમલમ્,

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કેબિનેટ બેઠકમાં સાયબર સુરક્ષા અંગે રાજ્ય સરકારની સતર્કતા અને સફળતા અંગે થયેલી ચર્ચાની માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસ દ્વારા સાયબર ફ્રોડમાં જતા નાણાંને ફ્રીઝ કરવાની કામગીરીમાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. સાયબર ક્રાઈમમાં નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા નાગરિકો માટે ૧૯૩૦ હેલ્પલાઈન આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જ્યારે કોઈ નાગરિક સાયબર ફ્રોડનો ભોગ બને છે, ત્યારે તેની ફરિયાદ મળતા જ સાયબર પોલીસ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવે છે. આ હેલ્પલાઇન દ્વારા સાયબર ગુનેગારના ખાતામાં પહોંચતા નાણાંને અધવચ્ચે જ અટકાવી ફ્રીઝ કરી દેવામાં આવે છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આ કામગીરી માટે રાજ્યનું 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દિવસ-રાત કાર્યરત છે. છેલ્લા ત્રણ મહિનામાં સાયબર સેલની કામગીરીમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. અગાઉની સરખામણીએ ફ્રોડ થયેલા નાણાં ફ્રીઝ કરવાની ક્ષમતામાં ૫૦ ટકા જેટલો વધારો નોંધાયો છે, જે રાજ્યની સુરક્ષા એજન્સીઓની કાર્યક્ષમતા દર્શાવે છે. એટલું જ નહીં, ઓપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત એક અઠવાડિયામાં રાજ્યમાં 494 FIR દાખલ કરીને ૩૪૦ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ દ્વારા કરવામાં આવી રહેલી આ મહત્વપૂર્ણ કામગીરીને કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત સમગ્ર મંત્રી મંડળે બિરદાવી હતી. મંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, જો તમારી સાથે કોઈપણ પ્રકારનો સાયબર ક્રાઈમ કે નાણાકીય છેતરપિંડી થાય, તો સમય વેડફ્યા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરો. સમયસર મળેલી જાણકારી તમારા મહેનતના નાણાં બચાવી શકે છે.

# કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૧૭.૯૨ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૫,૩૩૦ કરોડથી વધુ સહાય ચૂકવાઈ: પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## અત્યાર સુધીમાં ૨૩.૧૮ લાખ ખેડૂતોને સહાય આપવા માટે કુલ રૂ. ૬૮૯૦.૯૮ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરાયા



કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદીની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં બે અલગ ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા. આ બંને રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૨૩.૧૮ ખેડૂતોના કુલ રૂ. ૬૮૯૦.૯૮ કરોડના ઓનલાઈન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૧૭.૯૨ લાખ ખેડૂતોને કુલ રૂ. ૫૩૩૦.૪૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે. પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, કમોસમી વરસાદની અણધારી આફતમાં ખેડૂતોને સહાયરૂપ થવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે રેકોર્ડ બ્રેક સમયમાં રૂ. ૧૧ હજાર કરોડથી વધુ મૂલ્ય બે ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા. જે અંતર્ગત સહાય મેળવવા માટે રાજ્યના કુલ ૩૦.૭૧ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી છે. જેમાં આજદિન સુધીમાં તબક્કાવાર કાર્યવાહી કરી કુલ ૨૬.૬૦ લાખથી વધુ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. વધુમાં પ્રવક્તા મંત્રીશ્રીએ રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદીની વિગતો આપતા કહ્યું હતું કે, ચાલુ વર્ષે ટેકાના ભાવે વેચાણ માટે થયેલી નોંધણીમાં ગત વર્ષ કરતાં અઢી ગણો વધારો જોવા મળ્યો છે.

મગફળીની ખરીદી માટે રાજ્યના ૧૧૪ તાલુકામાં આશરે ૩૧૭ ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જે કેન્દ્રો મારફત અત્યાર સુધીમાં કુલ ૪.૭૫ લાખ ખેડૂતો પાસેથી રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની કુલ ૧૦.૪૯ લાખ મે. ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જેની સામે આજદિન સુધીમાં ૨.૧૮ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની રકમ સીધી તેમના બેંક ખાતામાં ચૂકવી દેવામાં આવી છે.

- રાજ્યના કુલ ૪.૭૫ લાખ ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ૧૦.૪૯ લાખ મે.ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરાઈ
- ખરીદી સામે આજ દિન સુધીમાં કુલ ૨.૧૮ લાખ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની સહાય ચૂકવણી કરાઈ

## ગુજરાતમાં આગામી સમયમાં થશે તુવેરની ટેકાના ભાવે ખરીદી

# તુવેરના વેચાણ માટે ખેડૂતો તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે: પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## તુવેર પકવતા વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો

- વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનું આયોજન
- ભારત સરકારે તુવેર માટે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો



કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર શરૂ થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે તુવેર માટે ભારત સરકારે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. બજાર ભાવ કરતા ટેકાનો ભાવ વધુ જાહેર થતા રાજ્યના ખેડૂતોએ તુવેરનું પુષ્કળ વાવેતર કર્યું છે. રાજ્યમાં તુવેરના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ભારત સરકાર દ્વારા ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનું આયોજન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે તુવેર પાકનું વેચાણ કરવા અનુરોધ કરતા મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતો આગામી તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઓથેન્ટીકેશન અથવા ફેસ ઓથેન્ટીકેશન દ્વારા VCE મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરી શકશે.

